રીવિઝન કમિટીએ સુધારેલી ટેક્સ્ટ બુકના ધોરણ મુજબ ખાસ હોંશિયાર શિક્ષકો પાસે તૈયાર કરાવેલી

નવી ગુજરાતી બીજી ચોપડીના અર્થ.

પ્રકાશક

બુકસેલર જેકીશનદાસ ત્રીભોવનદાસ.

માલેક. જે. જે. એન્ડ કાં.

ઠે૦ તાર ઓફિસ સામે—સુરત.

શાકે ૧૮૪૨ સને ૧૯૨૧ સંવત ૧૯૭૭

કી. ૦-૫-૦

શ્રી "સુદર" પ્રિ. પ્રેસમાં વિઠ્ઠલદાસ કીકાભાઈએ છાપી ઠે શીમડાચોક—સુરત.

ગુજરાતી બીજી ચોપડીના અર્થ.

ભાગ ૧ લો.

પાઠ ૧ લો.

પરમેશ્વર-ઇશ્વર, જગત-
 કર્તા.
બધું-સઘળું, તમામ
કડીઆ-ઘર ચણનાર
વટેમાર્ગુ-રસ્તે જનાર
ઓસરી-ઘરનો આગળ
 નો ભાગ જેની ઉપર
 છાપરૂં હોય તે
પાધર-સપાટ ખુલ્લું
ભક્તિ-પરમેશ્વરનું ભ-
 જન કરવું તે
ધર્મશાળા-મુસાફરને ઉ-
 તરવાની જગ્યા
પૃથ્વી-જમીન
મેજ-ટેબલ
સુતાર-લાકડાં ઘડનાર
મકાન-ઘર
મજુર-કામ કરનાર
મઘમઘે-બહેકે
વાસ-સોરમ સુગંધ [માં
કામમાં-ખપમાં ઉપયોગ
ઘોર-બીહામણું
ગગન-આકાશ
તારા-ચંદ્રણાં
ઝગઝગે-ચકચકે, ચળકે
ઉજાસ-અજવાળું પ્રકાશ
સરજ્યાં-બનાવ્યાં
કળાતુ-સમજાતું
દયાળુ-દયાવાળા
હોશિયાર-ચાલાક
પાડ-ઉપકાર
દરરોજ-હમેશાં

પાઠ ૨ જો.

સવાર-પ્રભાત
વર્ણન-બયાન, વીગત
ગવૈયા-ગાનારા
મધુર-મીઠું
પંખેરૂં-પક્ષીઓ
ભ્રમર-ભમરો [રમ ગુરૂ
મુલ્લાં-મુસલમાનનો ધ-
તુલ-છોડપરના દાણા
 વાવેતર
અંધકાર-અંધારૂં
મુજ-મારા [કરા
બાળ-બાળક, નાના છો-
વન-જંગલ
વાણું વાયું-સવાર થઇ
વીતી-પૂરી થઇ [જાત
ઝગઝગાટ-ચળકાટ, ઉ-
દીસે-દેખાય [જાતના
ભાતભાત-જુદી જુદી
ડોલે-હાલે
રૂડા-રૂપાળા
તેજ-અજવાળું, પ્રકાશ
ઝીકું-ઝાંખું [ળી જગો
ખુણા ખાંચા-ઓથાવા-
ખોળે-શોધે
જનો માણસો
ધ્યાન ધરી-આંખો મીં
 ચી પરમેશ્વરને જુએ
ગાન-ગાયન
દાતા-ગરીબોને આપ-
 નાર માણસ
દાન-ગરીબોને અનાજ
 પૈસા વિગેરે આપવું તે
બાંગ બોલે-મોટે સાદે
 પ્રભુનું નામ લે
ઉદય થયો-ઉગ્યો

ગૂંગૂં—ગણુગણુાટ	ઉમંગી—હોંશીલા	મગન—ખુશી
પત્ર—પાંદડાં	થાય—ઉડે, દે ડે	ધ્યાન—ચિત્ત, મન
બોલે—ઉચ્ચારે	વીરા—ભાઈ, બંધુ	માત—મા, માતા

કવિતાની સમજુતી.

(૧)

અન્વય—રાત વીતી, વા'ણું વાયું અને પૂર્વે ઝગઝગાટ થયો (તેથી) ભાત ભાત રંગ દીસે, (છે અને) ઝાડ પાન ડોલે (માટે) મારા વા'લા બાળ (તું) જાગ, પંખી વન બોલે

અર્થ—રાત પૂરી થઇને સવાર થઇ, પૂર્વ દિશાળાં ચળકાટ થયો અને ત્યાં જુદી જુદી જાતના રંગ દેખાય છે, અને ઝાડો અને પાંદડાં ડોલે છે માટે હે મારા વહાલા બાળક તું જાગ, જો જંગલમાં પક્ષી બોલેછે

(૨)

અન્વય—કુકડા કૂકરે કૂક, (અને) કાગડા કા કા કરે. ફુટડા મેના પોપટ (ને) મોર મધુર બોલે છે

અર્થ—કુકડા કૂકરે કૂક અને કાગડા કાકા કરે છે અને રૂપાળા મેના, પોપટ અને મોર મીઠા બોલ બોલે છે માટે હે મારા વહાલા૦

(૩)

અન્વય—ચંદ્ર તેજ ફીકું પડયું તારા તેજ ઉડી ગયું (ને) ચોર મોઢું કાળું થયું (કે તે) ખુણા ખાંચા ખોળે.

અર્થ—ચંદ્રમાનું અજવાળું ઝાંખું થયું, તારાનો ચળકાટ દેખાવો બંધ થઇ ગયો, ચોર લોકોના મોં (અજવાળું થવાથી રખેને પકડાઇ જઇશું એ બીકથી) વીલાં પડી ગયાં અને ખૂણે ખાંચે ઓથાવાળી સંતાવાની જગા શોધવા લાગ્યા માટે હે મારા વહાલા૦

(૪)

અન્વય—ભકત જનો ધ્યાન ધરે, ગવૈયાઓ ગાન કરે, દાતા રૂડું દાન દીએ (અને) મુલ્લાં બાંગ બોલે

અર્થ—પ્રભુ ભક્ત માણસો પ્રભુમાં ચિત્ત લગાડે, ગાનારા ગાય, પરોપકારી માણસ દાન આપે અને મુસલમાનોનાં ધર્મગુરૂ મસીદ ઉપર ચઢી મોટે સાદે અલ્લાનું નામ પોકારે છે માટે હે મારા વહાલા૦

(૫)

અન્વય—સુરજ તણો ઉદય થયો (તેથી) રાતનો અંધકાર ગયો, ભ્રમર ગુંગુ કરે (અને) કમળ પત્ર ખેલે

અર્થ—સુરજ ઉગ્યો તેથી કરી રાતનું અંધારૂં જતું રહ્યું અને ભમરાઓ ગુંગું અવાજ કરવા લાગ્યા, અને કમળોએ પોતાનાં પાંદડાં બીડેલાં હતાં તે ઉઘાડ્યાં માટે હે મારા વહાલ'૦

(૬)

અન્વય—તડકો જેમ વધતો જાય, (તેમ) માણસો ઉમંગી થાય આકાશે પંખેરૂ ધાય (અને) ઢોર ચારો ખોળે

અર્થ—જેમ જેમ સુરજનું અજવાળું વધારે વધારે પડતું જાય તેમ તેમ માણસો હોંશીલા થાય ગગનમાં પક્ષીઓ ઉડા ઉડ કરે અને ઢોરો (પશુઓ) ચારો શોધવા લાગ્યા માટે હે મારા વહાલ૦

(૭)

અન્વય—ઝાડ, વેલી, ફળ ને ફુલ (એ) ધીમે ખીલે (એમાં) નહિ ભૂલ, (મળી) ખાવા જાય તાજાં તૂલ પક્ષી બહુ ટોળે

અર્થ—ઝાડ, વેલા, ફળ ને ફુલ. બધાં ભુલ વગર ધીમે ધીમે ફુલે, વધે અને બધાં પક્ષી એકઠાં થઇ વાવેતરમાં તાજું ખાવાનું ખાવા જાય, માટે હે મારા વહાલા૦

(૮)

અન્વય—(હે) ઉઠ વીરા મગન થઇ પ્રભુ કેરૂં નામ લઇ, (અને) વાંચ પાઠ ધ્યાન દઈ, એમ માત બોલે

અર્થ—હે ભાઇ! તું હસતો રમતો પરમેશ્વરનું નામ દેતો દેતો ઉઠ, અને તારો પાઠ મન દઇને વાંચ એવી રીતે મા કહે છે હે મારા વહાલા૦

પાઠ ૩ જો

ઋતુ—મોસમ
મહીના—માસ
ઉતરાણ—મકર સંક્રાંતનો
તહેવાર
તિથિ—મહિનાના દરેક
દિવસને તિથિ કહે છે
પર્વ—તેહેવાર [તિ દિવસ
પુનમ—પૂરેપૂરો ચાંદો ઉગે
શ્રાવણ—ચોમાસાનો બી-
જો મહિનો અને
વરસનો દશમો
કારતકી—કારતક મહી-
નાથી શરૂ થતાં
પખવાડીઆં—મહીનાના
બે ભાગ
વસ્ત્ર—લુગડાં
કાલે—આવતે દહાડે
કેમ—શા માટે
ટાઢ—ઠંડી
પતંગ—કનકવા
ઉડાડે—ચગાવે [સમની
શિઆળાની—ટાઢના મો-
રત—મોસમ
ગરમ—હુંફાળા
હોળી—હુતાશની, ફાગણ
મહિનાના પુનમને
દિવસે લાકડાં ગોઠવી
સળગાવવાનો તેહેવાર
ઉનાળામાં—ગરમીની
મૈસમમાં
અમાસ—મહીનાનો છે-
લ્લો દિવસ
પડવાથી—પેહેલી તિથિથી
લેખે—હિસાબે
પંખા—વીંજણાં
બળેવ—જનોઇ પહેરવાનો
દિવસ [દિવસ
દસેરા—શમીવૃક્ષ પુજવાનો
દિવાળી—વરસનો છેલ્લો
દિવસ

પાઠ ૪ થો.

મેળો—મેદની
વિખુટા—જુદા
બહેક બહેક—સરી વાસ
આવવી તે
મદારીઓ—તમાશગીર
સુખડીઆ—કંદોઈ, મી-
ઠાઈ બનાવનાર [નાર
સરૈયા—સુગંધી વસ્તુ વેચ-
દ્રાક્ષ—એક જાતનો મેવો
ગોકળ આઠમ—કૃષ્ણનો
જન્મ દિવસ
કડકડતાં—અવાજ કરતાં
કપડાં—લુગડાં
ભાઇબંધ—દોસ્તદાર
બજારમાં—ચૌટામાં
ભારે—ઘણીજ
ઠઠ—જમાવ, મેદની
હારબંધ—એકપછી એક
છેડેથી—બાજુથી
કંસારાની—ધાતુના વાસ-
ણ બનાવનારની
હાટ—દુકાનો
મિઠાઇ—સુખડી, મિઠાસ-
વાળો ખોરાક
ખડકેલી—સીંચેલી
ખરાદી—લાકડાના રમ-
કડાં ઉતારનાર
પલંગ—ઢોલીઓ
કોચ—બે બાજુ તકીયા-
વાળો પલંગ
પુષ્કળ—વધારે [નાર
કાપડીઆ—લુગડાં વેચ-
દીઠી—જોઈ [જાતનું
ભાતભાતનું—જુદીજુદી
અંજીર—એક જાતનો મેવો
નારંગી—એક જાતનું
લીંબુ જેવું ફળ
સંતરા—એક જાતનો લીં-
બુના ફળને મળતો
મેવો
ચોગાન—ખુલ્લી જગા
ખેલ—રમત
સિપાઇઓ—ચોકીદારો
સવારો—ઘોડા ઉપર બેસી
ફરનારા ચોકીદારો

કુંડી—ચકરડી.
હરખ—આનંદ.
માય—સમાય.

પાઠ ૫ મો.

સોબત—સંગત.
શેખી—ફીસીઆરી.
દોસ્ત—ભાઇબંધ
લોહી લોહાણ—ઘણાલો-
હીવાળું, ઘવાયલું
ભાગ્યશાળી—નશીબદાર
ઠીકરૂં—માટીના ફુટેલા
વાસણનો કટકો
કુકડ—કુકડો
નિશાન—એંધાણ
સજ્જડ—મજબૂત
પ્રેમ—હેત, પ્યાર
પટેલ—ગામનો ઉપરી

પાસે—નજીક
મઝા—ગમ્મત, આનંદ
પારકાં—બીજાનાં
સમજાવીને—પટાવીને,
ફોસલાવીને
ઝાંપો—કાંટાનું બારણું,
લાકડાનો દરવાજો
અંદર—માંહે
આઘો—દૂર, છેટે
ખાસાં મજાનાં
તાકીને—ધારીને
ઘાટ—ઉપાય, રસ્તો
રાસ—દોરડું
જોરથી—બળવડે
પછવાડેથી—પાછળથી
રખેવાળ—સાચવનાર
ઝપાટો—સપાટો
રોતોરોતો—રડતો રડતો

નાસતો—દોડતો
અથડાયું—પછડાયું
ચકરી—તમર
છુંદાઇ—કચરાઇ
લપડાકો—તમાચા. ધોલો
ચોરની—છાનું માનું લઇ
જનારની
તુંએ—તું પણ
ચોઢી કાઢી—મારી
અસર—લાગણી, ફળ
સંગ—સંગત, સોબત
રંગ—પાસ, અસર
પેસે—આવે
ઠામ—ઠેકાણું
ઠરશે—શોભશે
રૂડો—સારો
બુરો—ખરાબ
વિદ્યા—ભણતર

કવિતાની સમજુતી.

(૧)

અન્વય—જેને જેવો સંગ (તેને) તેવો રંગ બહુ બેસે, જેને જેવો સંગ (તેને) પ્રેમ પણ તેવો પેસે.

અર્થ—જેને જેવી સંગત તેને તેવીજ અસર થાય, જેને જેવી સંગત તેવુંજ હેત ત્યાં વધે.

(૨)

અન્વય—જેને જેવો સંગ તે તેવાં કામ કરશે, જેને જેવો સંગ (તે) તેવું કામ જઇ કરશે.

અર્થ—જેને જેવી સંગત તેવાંજ કામ તે કરશે, અને જેને જેવી સંગત તેવેજ ઠેકાણે જઇને તે ઉભો રહેશે.

(૩)

અન્વય—રૂડે સંગે રૂડો થશે (અને) બુરે સંગે બુરો બને, સારા મહેતાના સંગથી ભાગ્યશાળી (હોય તે) વિદ્યા ભણે.

અર્થ—સારી સંગત હશે તો તે સારો બનશે, ને નઠારી સંગત હશે, તો નઠારો બનશે, પણ સારા મહેતાજીની સંગતથી નશીબવાળો હોય તે વિદ્યા ભણે. (ભણીને નશીબવાળો થાય)

પાઠ ૬ ઠો.

ખરડેલ—રઝળાઉ, રખડતો
ફોઇ પગલું—ફોઇએ આપેલું સોનાનું ગોળ ઘરેણું
મસ્તી—તોફાન
ખદખદતો—ઉનો. ઉનો
વધાઇ—વધામણી
અટકચાળાં—અડપલાં
હાડવૈદ—ભાંગેલાં હાડકાં સમાં કરનારા ડાકટર
ઓવારણાં—વહાલાંને મળવાની બૈરાની રીત
ઓસડવેસડ—દવાદારૂ
આનંદ—હરખ
પાર—છેડો. [રેલો
લાડકવાયો—લાડમાં ઉછ
ભેટ—સોગાત
કુટેવ—નઠારી ટેવો
પોળ—ખડકી
ઈલાજ—ઉપાય
વંઠી—બહેકી, છકી
શેરી—ફળીઉં
ચોટામાં—બજારમાં
રઝળતો—રખડતો
તંમર—આંખે અંધારાં આવવાં
ભેંકડો—રાગડો
તાણતો—કાઢતો
ઓળખીતો—જાણીતો
વલે—હાલ
ખો—ટેવ, આદત [વાત
શિખામણ—ફાયદાની

પાઠ ૭ મો.

જકી—હઠીલું. [પ્રાણી
શિકારી—મારી ખાનાર
સાચવણ—સંભાળ
ઊચી—વસુકી, ઉડી
અભાગીઉ—કમનશીબ
વિઆય—બચ્ચાં જણે
રબારી—બકરાં ઘેટાં ચરાવનાર
લવારાં બકરાનાં બચ્ચાં
ગાડરાં—ઘેટાનાં બચ્ચાં
નીરતો—નાખતો
ખાંધે—ખભે
ઝોક—બકરાં ઘેટાંને રાખવાની જગા
છાંયે—શીળે
વાંસળી—મોરલી
પાવો—પીશવો
હૂંફ—ગરમી
સુખે—નિરાંતે
ભાગે—હિસ્સે
જાળવતો—સંભાળતો

તકરાર—કજીઓ, ટંટા
ચાકરી—બરદાસ
અજાણ્યું-ઓળખાણ
વગરનું [નંદમાં
મોજમાં—મજામાં, આ-

પાઠ ૮ મો.

ગોંધતો—પૂરતો
સપડાઇ—પકડાઈ [માં
બંદીખાનામાં-કેદખાના-
કમોતે—વગર મોતે
કોતર—ગુફા
ચાંદની—અજવાળી રાત
ચેન—મજા, સુખ
પાધર—ખુલ્લી જગા
ખેલવું-રમવું
ઠરેલ—સમજવાળી
નાદાન—અક્કલ વગરનું
ભલો—સારો
જક—હઠ [નાસી ગયું
સટકી ગયું—છાનામાંના
ઠેકવા—કુદવા
પાદર—ગામના ઝાંપા બ-
હારની જગા
તરાપ—ફાળ
ઓડ—જમીનમાં ખાડો
કરી રહેવાને બનાવેલી
જગા (પશુઓની)

પાઠ ૯ મો.

રિસાળ—રીસ કરનાર
ભાઇ ભાંડુ—ભાઇ બેન
વગેરે સગાં
ઢોંગ—ફેલ [થયો
પસ્તાયો—જીવને બળાપો
વેદના—પીડા, દુઃખ
આડોશી પાડોશી—પા-
સેના ઘરના રહેનારા
મુદલ—બિલકુલ [ધો
પાટલુન—બટનવાળો લેં-
સહેજ સહેજમાં—અમ-
સ્તો અમસ્તો
છેડો—પાર
બને નહિ—ફાવે નહિ
જમણુ—જમવાનું
પચવામાં—હજમ થવામાં
માંદો—શીક, આજારી
ઓછું—થોડું
ગમ્યું—પસંદ પડયું
ચીસ—બૂમ
ટેવ—આદત
ભાગવવી—ખમવી, વેઠવી

પાઠ ૧૦ મો.

તાંતણે—તારે
નિર્ધાર—નક્કી
યત્ન—મેહનત
અનંત—ઘણોજ
બીડયો—બાઝયો, વળગ્યો
કરતા—બનાવતાં
જાળ—કરોળીઆને રહે-
વાનુ ઘર [જાય
ગભરાય—અકળાય, મું-
વણ—વિના, વગર
શરૂ કરી—ચાલુ કરી
હેઠે—નીચે
ફાવ્યો—પાર પડયો
કો—કોઇ
ધારા—ઇલાજ, ઉપાય, દાવ
મંડયો રહ્યો—વળગ્યો રહ્યો
હિંમત—ધીરજ
હોંશથી—ઉલટથી
ધીરજ—સબુરી
ખંતથી—ઉલટથી
ચગદાઇ—કચરાઈ
વણમોતે—વગર મોતે
આળસ—સુસ્તાઈ
તજી—છોડી દઇ
લાભ—ફાયદો

કવિતાની સમજુતી. (૧)

અન્વય—કરોળીઓ જાળ કરતાં, ભાંય પડી ગભરાય, (પણ) વણ તૂટેલે તાંતણે, ઉપર ચઢવા જાય.

અર્થ—કરોળીઓ પોતાની જાળ બનાવતાં નીચે પડી ગયો ને ગભરાવા લાગ્યો, પણ જે તુટયા વગરનો તાર હતો તે વડે ઉપર ચડવા જતો હતો.

(૨)

અન્વય—તેણે ઉપર ચઢવા માટે મહેનત શરૂ કરી, પણ પાછો હેઠે પડયો (ને) કો ઘાટ ફાવ્યો નહિ

અર્થ—તેણે જાળ ઉપર ચઢવા સારૂ મહેનત ચાલુ કરી, પણ તાર હેઠળ પડયો ને કોઇ ઇલાજમાં ફાવ્યો નહિ.

(૩)

અન્વય—એ રીતે ફરી ફરી બે ત્રણ વાર મંડયો રહ્યો, પણ તેમાં નહિ ફાવતાં (પણ) ફરી તૈયાર થયો.

અર્થ—એમ ફરી ફરી બે ત્રણ વાર ચઢયો ને પડયો તો પણ તે મંડયો રહ્યો, પણ તેમાં તે ફાવ્યો નહિ તોપણ ફરીથી ચડવાને તૈયાર થયો.

(૪)

અન્વય—હોંસથી હીંમત રાખી છઠ્ઠી વાર ભીડયો, (તો) તે ધીરજથી નીર્ધાર જાળે જઈ પહોંચ્યો.

અર્થ—તે કરોળીઓ ઉમંગ ધરી, હીંમત રાખી, છઠ્ઠી વાર ચઢવા બાઝયો, એવી તેની હીંમતથી તે નક્કી પોતાની જાળે જઇ પહોંચ્યો.

(૫)

અન્વય—ફરી ફરીને ખંતથી (જો) યત્ન કર્યો નહિ હોત, (તો) પગતળે ચગદાઇને વણ મોત મરી જાત.

અર્થ—એણે ફરી ફરી હલટથી જો મહેનત કરી હોત નહિ તો લોકોના પગતળે ચગદાઇને વગર મોતે મરી જાત.

(૬)

અન્વય—એ રીતે જો માણસો, મનમાં ખંત રાખી, આળસ તજી, મહેનત કરે (તો) અનંત લાભ પામે.

અર્થ—એ પ્રમાણે જે માણસો મનમાં હોંશ રાખી, આળસ છોડી દઇને, ફરી ફરી મહેનત કરે તો તેને ઘણોજ ફાયદો મળે.

પાઠ ૧૧ મો.

ચકબિલ્લુ—એક જાતની રમત
કુચ્છ—કાછડા, કછોટા
ભૂલચાપ—છેતરવું, ચૂક [થવી
ચક્કર—ગોળાવા.
ટપોટપ—ઝટ ઝટ;
પેંતરા—પગલાં
બહાદુરી—હોંશિયારી
રમત—ગમત
વેળ—વખત
હારો—લઇનો
ગઢ—કિલ્લો
ભિલ્લુ—સોબતી, મિત્ર
ઠાકોર—ગરાશીઓ
સરદાર—લશ્કરનો ઉપરી
સાથ—ટોળાં [જુ
આસપાસ—આજુ બા-
શરૂ કરી—ચાલુ કરી
અંતરે—છેટે
વચ્ચે—મધ્યે
ઘૂમી—ઝઝુમી
સાથી—સોબતી
ગમ—તરફ, બાજું
મેર—તરફ, બાજુ
દાવ—ખેલ, રમત

પાઠ ૧૨ મો.

દૃઢ—મજબૂત
છુટ્ટી—રજા
મિત્ર—ભાઇબંધ
ગેડીદડા—લાકડીને દડાની દેશી રમત
લાચાર—નાઇલાજ
ભાઇબંધ દોસ્ત
છોડાય—મૂકાય
ડગલું—પગલું
રંગ—મઝા
જામ્યો—ખીલ્યો
મઝા—ગમ્મત
વચન—કોલ, કબુલાત
ખાતરી—ભરોસો
સુનું—એકલું
યાદ આવે—સાંભરે
ક્યાંએ—કોઇ ઠેકાણે
પીડા—પંચાત
મરજી—ઇચ્છા
ડગવા—ફરવા, ચળવા

પાઠ ૧૩ મો.

કુટુંબ—સગા, સહોદર
માલમત્તા—પુંજી, સર-સામાન
સોહામણી—શોભીતી
અર્ધું—અરધનું
સ્વાદે—લહેજતે
ભપકાદાર—ઠાઠવાળા
મુલક—દેશ
ગણગણતી—અવાજ કરતી
મીઠું મીઠું—ગળ્યું ગળ્યું
છેછેડે—છેડે, અડકે
ડંખીએ—ચટકો ભરીએ
ચાહે—હેત કરે
પીઠ—વાંસો
ચકચકે—ઝગઝગે
ઘાટ—આકાર
સુંદર—સારો
ફુટડા—રૂપાળા
નમના—ખપના
ઉલટા—સામા
કોરી—કાણાંપાડી
બગાડો—ખરાબ કરો
દુભાવોછો—દુઃખ થાય એમ કરો
નુકશાન—બગાડ
હવે—હાલ
નડીએ—હરકત કરીએ
ભલું—સારૂં

બુરૂં—નઠારૂં

ડાહ્યા—શાણા

ઉપયોગમાં—ખપમાં

પાઠ ૧૪ મો.

પુતળાં—રમકડાં

મોજમઝા—રમત ગમત

સાજું—ભાંગ્યાવિનાનું

ઊલટભેર—ઉમંગથી

અંગેઠી—તાપણી

મોસાળ—માનું પિયર

મોળાઇ ભાઇ—મામાનો દિકરો

સરખાં—બરાબર

ગમે તેમ—ફાવે ને રીતે

હરખાયો—ખુશી થયો

તલપી—તૈયાર થઇ

ઠેસ—ઠોકર

વાગવાથી—લાગવાથી

કકડ—ટુકડા

પોતલી—પોતડી

ભાંગેલું—તુટેલું

ફુટી—ભાગી

હોંસભેર—હરખભેર

વાંક—ગુનો

વિચાર—મનસુબો

સમજ—અક્કલ, બુદ્ધિ

નકામી—ફોકટ

ઉતાવળ—ઝડપ

પાઠ ૧૫ મો.

ઢીંગલી—ચીંથરાની પુતળી

સહીઅરો—બેનપણીઓ

સંતાપ—દુઃખ

કલેશ—કજીઓ, કંકાસ

ચીથરાં—જુનાં ફાટેલા લુગડાં

વિવાહ—લગન

નિંદે—બદબોઇ કરે

ખેંચતાણ—તાણાતાણી

કટ્ટ વેરી—શત્રુ

બળવંતા—જોરાવર

તખતો—આરસો

સરી પડયો—લપસી પડયો

બરડ—ઝટ ભાગે તેવો

પછાડીએ—અફાળીએ

કાયર—હેરાન

પજવે—દુઃખદે, હેરાનકરે

આઘો—દૂર

વેળાસર—વખતસર

શણગારવી—કપડા પહેરાવવાં

સરસ—સારૂં

દીઠું—જોયું

હળીમળીને—સંપીને, હેતથી

હેત—પ્યાર

સુખચેન—મજા, આનંદ

શોક—દીલગીરી

લાજ—આબરૂ

ઘટે—ઓછી થાય

સદા—હંમેશાં

લેશ—જરા

કવિતાની સમજુતી. (૧)

અન્વય—હે બેન? આપણે બંને જણ મળી, સંપી રમીએ તો સુખચેન (થાય) લડે રડે તો સઘળો શોક (થાય), લાજ ઘટે ને લોક નિંદે.

અર્થ—હે બેન? આપણે બને જણ ભાઇબેન મળી, સંપીને રમીએ તો સુખચેન થાય, પણ જો લઢીએ વઢીએ તો ઘણી દીલગીરી થાય, આબરૂ ઓછી થાય, અને લોક બદબોઈ કરે.

(૨)

અન્વય—(હે) બળવંતા પરમેશ્વર બાપ, અમને તું સદા સંપ આપ, જેથી (અમારા) દાડા સુખમાં જાય, (અને) કદીએ લેશ (પણ) કલેશ ન થાય.

અર્થ—હે જોરાવર બાપ ઇશ્વર! તું અમને હમેશાં સંપ આપ, જેથી કરીને અમારા દિવસો સુખમાં જાય, અને કોઇ દિવસ જરાપણ કંકાસ થાય નહિ.

(૩)

અન્વય—બાળક હળતાં મળતા હોય, કદીએ લડે રડે નહિ કોય (અને) રમે જમે ને ગીતો ગાય, (તો) માતા મનમાં રાજી થાય.

અર્થ—છોકરાં હળી મળીને રહેતાં હોય, ને કોઇને કદી લઢે વઢે નહિ, અને તેઓ સાથે રમી જમીને ગીતો ગાય તો મા મનમાં ઘણી ખુશી થાય.

પાઠ ૧૬ મો.

બાળ—બાળક
શ્રીરામ—દશરથનો દીકરો, ઘણા શક્તિવાળા માણસનું નામ
કૌશલ્યા—રામની મા
પ્રધાન—મુખ્ય કારભારી
દર્પણ—આરસી
ઇચ્છા—મરજી
તરેહતરેહનાં—જાત જાતનાં
ફાંફાં—વલખાં
ગણકાર્યું—ધ્યાન દીધું
ડચકાં—ડચકાં
રોણું—રડવું
જારી—ચાલુ
ખીજવાયા—ચીડવાયા
ગોદમાં—પાસામાં
મધુર—મીઠું
ધીરા—શાંત
મહારાજા—મોટા રાજા
દશરથ—અયોધ્યાના રાજા, રામના બાપ
છાના—ચૂપ

પાઠ ૧૭ મો.

બ્રાહ્મણ—વિપ્ર
ગુસ્સો—રીસ, કોપ
ભાગી તૂટી—જેકી તેવી બરાબર નહિ સમજાય તેવી
વિદ્યાર્થી—નિશાળે ભણતો છોકરો
મૂર્ખ—ભોટ
પુત્ર—છોકરો
જોડું—ખાઇડી ભાયડો, બેજણ
પરવારી—નવરી થઇ
ભક્તિ—ભજન
કથા—પ્રભુ મહિમાની વાત
ગુજરાન—પોષણ
ઓછું આવવું—દુઃખલાગવું

વેળાએ વેળાએ—વારે ઘડીએ
આધાર—આશરો, ભરોસો
આંગણામાં—બારણામાં
નોળીઓ—એક જાતનું જાનવર
તરફડતું—ફડફડતું
મહેર—કૃપા
અભાગણી—કમનશીબ
બચાવનાર—ઉગારનાર
વળી—ફરી
પસ્તાઈ—મનમાં બળ પો કરી
જાન—જીવ

કવિતાની સમજુતી.

જે માણસ વિચાર કર્યા વગર ઉતાવળથી કામ કરે છે, તે પછવાડેથી મનમાં બળાપો કરે છે, એવાં વિચાર કર્યા વગરનાં કામ કરવાથી સારા સારાના જીવ જતા રહે છે. (મરી જાય છે)

પાઠ ૧૮ મો.

હોશિઆર—ચાલાક
હુંફાળું—ગરમી આપે એવું
ગાર્ડ—દેખરેખ રાખનાર
પંપાળી—હાથ ફેરવી (શરીરે)
ખબરદાર—બહાદુર
સરનામું—ઠેકાણું, પતો
કેળવ્યો—શીખવ્યો
સ્ટેશન—આગગાડીને ઉભા રહેવાનું ઠેકાણું
છાપખાનાવાળા—વર્તમાનપત્ર કાઢનાર
સિસોટી—પીસવો
મિનિટ—કલાકનો સાઠમો ભાગ
સંદેશો—ખબર
ખોડંગતો—લંગડાતો
માયાળુ—હેતવાળો
પાળ્યો—ઉછેર્યો
દીપડો—નાનો વાઘ
છાપું—વર્તમાનપત્ર
શાબશી—ધન્યવાદ બાહાદુરી
ગોઠવણ—બંદોબસ્ત
ફેંકજો—નાખજો
નીમેલે—નક્કી કરેલે
અવાજ—સાદ
ડરતો—બીતો. [જોરથી
ઝપાટાબંધ—જેસ ભેર

પાઠ ૧૯ મો.

ભલો—સારો
હીંચકા—ઝુલા
ઠીમણું—ઢેકા
રીતસર—બરાબર, સારી રીતે
વેગળા—દુર
તોફાની—મસ્તીખોર
છાતીવાળો—હીંમતવાન
દોરડું—રસી
ઠરાવ—ધારો
હિંચોળે—ઝુલાવે
વારો—વખત
ગરીબ—કંગાલ
ઉલટું—સામું
દયા—રહેમ
હડસેલી—ધકેલી
બગડી વળગાડી
પેરભરી—સારી પેઠે
પાડ—ઉપકાર

પાઠ ૨૦ મો.

બાદશાહ—મુસલમાનરાજા

સુબો—સરદાર
સમજુતી—સમજામણુ
ફરજંદ—છોકરાં છૈયા
ગુનો—વાંક
તહેનાત—પાસે, હજુરમાં
ઓધ્ધો—અખતિયાર, પદવી, નોકરીની જગા
નીમણુંક—ગોઠવણુ
છોકરવાદી—બાળબુદ્ધિ
ચીતરામણુ—ચિત્ર
રૈયત—પરજા
ખંત—હોંશ
દરબાર—રાજસભા
દેખાવડો—રૂપાળો
હુકમ—ફરમાન
ખાસ—ખાનગી
ફરમાવશો—કહેશો
મોંએ ચઢેલો—બોલવાની છુટ લેનારો
અરજ—વિનંતી
અલ્લા—ઈશ્વર
ખેલતો—રમતો
દીલમાં—મનમાં
બદલાઈ—ફેરવાઈ
દીલગીરી—શોક, ઉદાસી
કઠણુ—સખત, દયાવગરનો
હૈયાનો—મનનો
રદ—બાતલ, કાઢી નાંખતું

પાઠ ૨૧ મો.

ઢેકા—ટેકરા
ઢળીઆ—ખાડા
ધોરી—મોટ
કે હલાં—શીઆળ
ખે ખારો—અચરજ
ભોંય—જમીન
ગભરાયો—અકળાયો
તરસ—સીમ
ખરે—સાચે
દુવા—આશિષ
ચલાતુ હીંડાતું
ખભે—ખાંધે
લાભ—ફાયદો

પાઠ ૨૨ મો.

પડછાયો—ઓળો, છાંયો
ભાગોળ—દરવાજો
કિનારે—કિનારે
દાનત—નિયત
થોભીશ—ઉભો રહીશ
ભાગ—હિસ્સો
પાર—મજુ
દોડતો—નાસતો
કુદકો—ઠેકડો લિધો
થાક ખાવો—વિસામો
અદેખો—દેખી ન ખમાય એવો
લોભી—લાલચુ
તળીએ—નીચે
ખોળ—શોધ
ગુમાવ્યુ—ખોયું
તાકે—ઇચ્છે, મરજી કરે

પાઠ ૨૩ મો.

દગ—ધુતારો
ખરીદ—વેચાતુ લેવું તે
દરકાર—કાળજી, તમા
જનોઈ—ઉપવીત, બ્રાહ્મણુ સુતરના ત્રણુ તારનું પહેરે છે તે
હડખાએલા—કરડવા પર ચઢેલા
સંદેહ—વહેમ
ઠાવકું—ઠેકાણે
અભડાયો—અડકાયો, અપવિત્ર થયો
વાટમાં—રસ્તામાં
પડાવી—લઇ
અચરજ—નવાઇ
ગણકારતાં—લેખવતાં
બદલે—સાટે
રખે—કદાપી, કોણુ જાણે
લાગે—વળગે, થાય
ધારી—જાણી
શિકારી—પારધી
અચકું—ડાપુ
ખામી—ખોડ

ઉચકયાથી–ઉપાડયાથી
ખુલ્લું–ઉઘાડું
ભરોસો–વિશ્વાસ

પાઠ ૨૪ મો.

ગોળમટોળ–પૂરો ગોળ
ચટાપટા–રંગીત લીટા
છાનોમાનો–ગૂપચૂપ
લડતો–વઢતો
પૂછીને–કહીને
ચળકતો–ઝગઝગાટ કરતો
બગાડયું–ખરાબ કર્યું
છીનવી–ખુંચાવી
ચોર–છુપી રીતે બીજાની વસ્તુ લઇ જનાર
બીજાનું–પારકું
રાજા–દેશનો ધણી
સજા–શિક્ષા
શિખામણ—ફાયદાની વાત
ભૂલીશ વિસરીશ

પાઠ ૨૫ મો.

ડર્યો–બીન્યે, બીધો
સમાતાં અંદર પેશી જતાં
નિહાળ્યું–જોયું
સંપત–પૈસા
ઝૂલતા હીંચતા
પિતાની–બાપની
કુહાડી–લાકડા ચીરવાનું હથીયાર
ભાયડો–મોટો માણસ
બહાદુર જોરાવર
શાણો–ડાહ્યો
ઘાવ–ફટકો
ભાળે–જુએ
ઝાંપે–દરવાજે
નીર–પાણી
તાંહી–ત્યાં
દીલે–મનમાં
ચીસ બુમ
સુણી–સાંભળી
ભલાં–સારાંગુણવાળાં
દેવી માતા–દેવની સ્ત્રી શક્તિ
વદે–બોલે
મથું હલાવી–ડોકું ધુણાવી
મેહેર–દયા
જગનાથ–પરમેશ્વર

કવિતાની સમજુતી

૧

અન્વય—નાનો બાળક પિતાની કુહાડી લઇ, બહાદુર (ને) શાણો હોય (એવો)ભાયડો બન્યો; કંઇ ચીજ ભાળે (તે પર) ઘાવ કરે,(ને) કાપે (એમ) ખેલતો ગામ ઝાંપે તળાવે ગયો.

અર્થ—નાનો છોકરો બાપની કુહાડી લઇ, જોરાવર અને ડાહ્યો પુરૂષ હોય તેવો બન્યો, તે કંઇ વસ્તુ જુએ તેની પર ફટકા મારે, ને કાપે, એમ રમતો રમતો ગામને પાદરે તળાવ ઉપર ગયો.

૨

અન્વય—તાંહી માછલે જરા નીર હલાવ્યું (તેથી) બાળકે પાણી માંહી કંઇ નિહાળ્યું, (તેથી) બળ દીલે ડર્યો (અને) કુહાડી તો પડી તે ઘડી ત્યાં બહું ચીસ પાડી રડયો.

અર્થ—ત્યાં માછલાંએ કુદીને જરા પાણી હલાવ્યું તેથી તે છોકરાએ તળાવનાં પાણીમાં જોયું; તે જોતાંજ તે છોકરો મનમાં બીધો તેથી હાથમાંની કુહાડી પાણીમાં પડી ગઇ, તે વખતે બહુ બુમ પાડીને રડી પડયો

૩

અન્વય—સાદ સુણી સદા પાણીમાં ઝુલતાં ને સમાતાં (હતાં તે) ભલાં દેવી માતા આવ્યાં, (તે) દેવી વદે (કે) આ રૂપાની કુહાડી લે, બાળ કહે, માતા મારી (કુહાડી) એવી નથી

અર્થ—તેનો રડવાનો અવાજ સાંભળીને હંમેશાં પાણીમાં તરી શકનારા અને અંદર પણ રહી શકે એવાં અને સારાં દયાવળાં દેવીમા બહાર આવ્યાં ને તે બોલ્યાં કે આ રૂપાની કુહાડી લે, ત્યારે છોકરો બોલ્યો કે, હે મા! મારી કુહાડી એવી નથી

૪

અન્વય—બીજી વાર સોનાની લાવી બતાવી (તો) એ બાળ માથું હલાવી કહે (કે) (એવી મારી) નહિ મને તો મારી સારી કુહાડી ગમે (છે). (તે હે) ભલાં માત પાણી માંહેથી કાઢી દો,

અર્થ—માતાએ ફરીવાર સોનાની કુહાડી લાવીને બતાવી, એટલે એ છોકરાએ માથું હલાવીને કહ્યું કે એ મારી નથી, મને મારી સારી કુહાડી ગમે છે, માટે હે દયાળુ મા! મને તે પાણીમાંથી કાઢી આપો

૫

અન્વય—દેવીએ કાઢી દીધી, (ને) બાળક સાથે બોલી (કે) તને સુખ, સંપત હોજો (ને તારાપર) જગનાથ મેહેર કરે

અર્થ—માતાએ તેની કુહાડી કાઢી આપી ને કહ્યું કે તને સુખ અને પૈસા ટકા ઘણા મળજો અને તારાપર પરમેશ્વર ઘણી દયા કરજો.

પાઠ ૨૬ મો.

ભરપુર-ભરેલો. વાળો.
દેશાવર -પરદેશ.
વેપારી-વેપાર કરનારા
ખૂબસુરત-રૂપાળો
બરદાસ ચાકરી
પૈસે ટકે-ધન દોલતે.
ખાલી-ઠાલો, વિનાનો
હાલત-સ્થિતિ.
બગડતી-ખરાબ થતી
માલમ પડે-જણાય
ખૂટી-ઓછી થઇ
ઉમદા-ઘણોજ સારો
કપરા-આકરા, સખત
લાચાર-નિરાશ,નિરૂપાય
મુલ-હિંમત
ઠરાવ-નિશ્ચય
મુકામે-ઉતારે
હૈયુ-મન
પંપાળતાં-હાથ ફેરવતાં
પરદેશી-બીજા દેશના રહેનાર
ચાકરી-બરદાસ
પરવડે-પાલવે

પાઠ ૨૭ મો.

ભરાવ-તાજો ઘાટ [illegible] ફુલેલુ દેખાતું તે
ખડખડાટ-અવાજ
પાતળા-દુબળા
વટાવી-ઓળંગી
સંકટ-દુઃખ
પારધી-શીકારી
ઝરા-વહેળો,ઝરણુ
પડછાયો-આળો
શોભે-સારૂં દેખાય
નારાજ-ગુસ્સે [વિવા
બડબડવા-ગમે તેમ બો-
લજવ્યું-શરમાવ્યું
ફુગડા-રૂપાળા [લવું
લલકારવુ-પડકારીને બો-
ચમકી-ચોંકી, ઝબકી
છલંગ-ફાળો
આઘે-વેગળુ
કેડો-પુઠ
પાધર-સપાટ જમીન
ઝાડી-જંગલ
ચોપાસ-ચારે તરફ
ફેલાએલી-વિખરાએલી
વળ્યું-ફાવ્યું
ઝાલ્યુ-પકડયું
વખોડતુ-નિંદતું
બચાવ્યું-ઉગાર્યું
મોહી પડી-પ્રેમ લાગ્યો
ફસાવી-સપડાવી
વખાણવી-તારીફ કરવી

પાઠ ૨૮ મો.

નકલ-વેશ
શિયાળ-કોહલું
રંગરેજ-કપડાં ને પાઘડી રંગનાર
જરદી-પીળા રંગનું પાણી
ધગધગતા-ઉનીઉના
વાઘ-ફાડી ખાનાર પ્રાણી
શહેર-મોટું ગામ
ગભરાયું-અકળાયું
પાસ-રંગ બેસવા તે, અસર થવી
જંગલ-વન
ડરે-બીએ
ચાલવા-વરતવા
પ્રાણી-જનાવર
ગભરાશો-ડરશો
પ્રધાન-કારભારી
કોઢ-લોઢું ગાળવાની ભઠ્ઠી
ધગધગતા-ઘણાજ ઉના
બુરા-નઠારા
હાલ-વલે

પાઠ ૨૯ મો.

પિએર-સ્ત્રીના બાપનું ઘર [જવલેજ
રડયું ખડયું-કોઇકજ,
ટાંકણે-વેળાએ [કરી
ચડભડી-ચઢીજઇ, ગુસ્સો
ભારેખમ-માનવાળાં
વરો-જમણવાર
નડવા-હેરાન કરવા.

લેખવે—ગણે
મોઘે ભાવે વધારે કીમતે
ખપ—જરૂર, કામ
શેખી—પતરાજી
રંક—ગરીબ
ઉપયોગમાં—કામમાં
માન—આબરૂ

પાઠ ૩૦ મો.

આપકર્મી—જાતે કમાઇને ખાનાર
બાપકર્મી—બાપનું આપેલું ખાનાર
ઓચીંતી—એકદમ વગર જાણે
વરમાળ-લગનવખતે વર ને પહેરાવવાની માળા
રાજપાટ—રાજાની ગાદી
તડંગધુમ—નોબ નો અવાજ
પ્રાર્થના—સ્તુતિ
પહેરામણી—પરણ્યા પછી વહુને ઘેરથી આવેલી ભેટ
તીર્થ-દેવની પવિત્ર જગા
સવારી—એક રાજાએ બીજા રાજાના રાજ ઉપર લશ્કર લઇ ચઢાઇ કરવી તે

ભાભી—ભાઇની વહુ
વતન—પોતાનું ગામ
નોકરીમાં—ચાકરીમાં
તરાપ—છલંગ
ઠેકાવી—કુદાવી
ઉડાવી દીધું-કાપી નાંખ્યું
સેનાનો—લશ્કરનો
ઉપરી—સરદાર
સમ—વખત
હિંમત—હામ
લુણ—નીમક મીઠું અનાજ
ફતેહ—જીત
દેહરામાં—મંદિરમાં, દેવળમાં
ડંકા—નોબત
નિશાનો—ધજાઓ
તક—લાગ, દાવ
ઠેકડે—છલંગે
નાસ ભાગ—નાસાનાસ

પાઠ ૩૧ મો.

બળદ—આખલો
તડુકતો—બુમ મારતો
ચડાકિ—ગરમસ્વભાવની
ખાબોચીઆમાં—પાણીના ખાડામાં
મમત—હઠ
આગળ—પહેલાં
ફુલાવ્યું—ઉપસાવ્યું

વેઠે છે—ખમે છે.
ગુસ્સે—ક્રોધે
ગજા—શક્તિ

પાઠ ૩૨ મો.

સાહુકાર—શેઠ, પૈસાદાર
તળાવડી—નાનું તળાવ
બેદરકા—ગરજ વગરનો
બોરીઆં—બટન
શિખામણ—બોધ
ખરડાએલે-બગડેલે
ભિખારી—કંગલ, ગરીબ
લપસી—ખસી
ઉપકારનું—પાડનું
યાદ—સાંભરવું
ધુજતો—થરથરતો
ખાદી—ગજ પનાનું જાડું કાપડ
અફારાના—ગરમીના
મોડું—અસુર
રોગે—મંદવાડ

પાઠ ૩૩ મો.

ભણેલા—શીખેલા
ગણેલા—વિચાર કરનાર
ખાતરી—સાબીતી
શેલો—પથરા

ખંતીલ—ઉમંગી
અંગુઠીઆં- ગની મોટી
　આંગળીએ પહેરવાનું
　રૂપાનું ઘરેણું
રાજમાર્ગ—મોટો રસ્તો
શેરી—પહેરી [ઝરો
વહેળો—વહેતા પાણીનો
ઢુંકડુ—નજીક
ભાઇબંધી—દોસ્તી
જડતો—મળતો
વેપાર—રોજગાર, ધંધો
પાડોશમાં—પાસે, નજીક
ફાટ—ખારો
જોડા—પગરખાં
જોટવાં—પગની આંગ-
　ળીએ પહેરવાના રૂ-
　પના કરડા
શરૂ—ચાલુ
ધોબી—કપડાં ધોનાર
છેક—બીલકુલ
વસ્યા—રહ્યા
પુષ્કળ—ઘણાં
પૈસા—દોલત, પુંજી

પાઠ ૩૪ મો.

મહિમા—મોટાઇ
જગપતિ—પરમેશ્વર
તરૂપાન—ઝાડપાન
શીતળ—ઠંડો, ટાઢો
સરજનહાર—પેદા કરનાર
સરિતા—નદી
નવરંગી—ભાતભાતનાં
ઘાટ—ઓવારો, આરો
ચાવણું—ખાવાનું
જગમાં—દુનિયામાં
સરજાવ્યા—પેદા કર્યાં
સંસાર—દુનિયા
ખીલતાં—ફુલતાં
ગાન—ગીત, ગાયન
શોભતાં—સારાં દેખાતાં
કરાડ—ભેખડ, નદીના
　કિનારાનો જે ભાગ
　ઘણો ઉંચો ને સીધો
　આવેલો હોય તે
સિંધુ—દરિયો, સમુદ્ર
રચના—બનાવટ
રળિઆમણી—શોભીતી
નગર—શહેર
વાટ—રસ્તો
શિઆળો—ટાઢની મોસમ
ઠંડક—ટાઢક [સમમાં
ઉનાળામાં—ગરમીની મો-
નિર્ધાર—નક્કી [ઋતુમાં
ચોમાસામાં—વરસાદની
ઝુલતાં—લટકતાં
મધુર—મીઠા
નાદ—શબ્દ, અવાજ
સૂદ—અજવાળીયું
કળા—પ્રકાશ
વદમાં—અંધારીયામાં
દીસે—દેખાય
મેદાન—સપાટ જમીન
જળ—પાણી
આંખડી—આંખ
કળા—લીલા
કળીજાય—સમજાય
સરજી—બનાવી

કવિતાની સમજુતી. (૧)

અ-અ.—જગપતિએ જગમાં અપાર રૂડી રચના રચી (છે ને) સંસાર (માં) નાનાં મોટાં પ્રાણીઓ સરજાવ્યાં.

અર્થ—પરમેશ્વરે દુનિયામાં ઘણીજ સારી બનાવટ કરી છે, ને નાનાં મોટાં બધાં પ્રાણીઓ તેણે બનાવ્યાં છે

(૨)

અન્વય—નવરંગી ખીલતાં ફુલ, ગાન ગાતાં પંખી, સુંદર રંગે શોભતાં, રૂપાન અને પાંખ.

અર્થ—જુદી જુદી જાતનાં ફુલતાં ફુલ, ગાયન ગાતાં પંખીઓ, ઝાડનાં પાન અને જુદી જુદી જાતનાં પંખીઓની પાંખો મજાના રંગ વડે શોભે છે

(૩)

અન્વય—મોટા પહાડ, કરાડ સિંધુ, સરિતા ઘાટ, નગરને વનવાટ આ રળિઆમણી રચના કરી (છે)

અર્થ—મોટા પર્વતો, ભેખડો, સમુદ્રો, નદીઓ, ઓવારા, શહેરો અને જંગલોના રસ્તાની આવી શોભીતી બનાવટ પરમેશ્વરે કરી છે

(૪)

અન્વય—શિઆળે શીતળ પવન ઠંડક સાર આપે, ઉનાળામાં સૂર્યનો તાપ નીરધાર તપે (છે)

અર્થ—ટાઢની મોસમમાં ટાઢો વા સારી રીતે ટાઢક આપે છે, ગરમીના મોસમમાં સૂરજનો તાપ નક્કી ઘણોજ તપે છે

(૫)

અન્વય ચોમાસાના દિનમાં વરસાદ વરસે છે, ઝાડે ઝુલતાં ફળ જો (અને) મોરના મધુર નાદ સાંભળ)

અર્થ—વરસાદના દિનમાં વરસાદ વરસે ને ઝાડ પર ફળો લટકતાં દેખાય છે અને મોરના મીઠા શબ્દ સંભળાય છે

(૬)

અન્વય—ચંદ્ર તણી કળા સુદમાં આનંદ આપે છે, (ને) વદમાં તારા તેજનો રૂડો રંગ દીસે (છે)

અર્થ—અજવાળીઆમાં ચંદ્રનુ અજવાળું મજા આપે છે અને અંધારીઆમાં તારાના તેજનો રંગ શોભીતો દેખાય છે

(૭)

અન્વય—રમત ગમતને કારણે મોટાં મેદાન છે વળી જળ મહીં વેલાં ને પાન કેવાં તરતાં (દેખાય છે)

અર્થ—રમત કરવાને માટે મોટી સપાટ જગ્યાઓ છે અને પાણીના તળાવોની અંદર વેલાઓ અને તેમાં પાંદડાં કેવાં તરતાં દેખાય છે

(૮)

અન્વય—(હે) ભગવાન ! (તેં) જોવા આંખડી આપી સાંભળવાને કાન (આપ્યા અને) બોલવા જીભ બનાવી, (એ) ભલું કર્યું

અર્થ—હે પ્રભુ ! તેં જોવાને આંખ આપી, સાંભળવાને કાન આપ્યા, અને બોલવાને જીભ આપી એ સારૂં કર્યું છે

(૯)

અન્વય—દાંત સાથ ચાવણું દઇ બહુ ઉપકાર કીધો (હે) સરજનહાર (તેં) કળા સરજી (તે) કળા જાય નહિ

અર્થ—દાંત અને વળી ખાવાનું આપી બહુ ગુણ કીધો છે, હે મારા પેદા કરનાર પરમેશ્વર તેં જે જુકિત કરી છે તે સમજી શકાય તેમ નથી

પાઠ ૩૫ મો.	છજેલ–પથરાએલો	એશ–મઝાનું, સુંદર
વસંત–પાનખર	તંબુ–કપડાનું ઘર	ઘોળીને–પાણીમાં ઓગાળીને
ઋતુ–મોસમ	ધજા–નિશાન	
વિશાળ–મોટા	વાવટા–તોરણ, નિશાન	બાગ–ફુલવાડી,બગીચો
પલ્લવ–પાંદડાં	પૃથ્વી–જમીન	ગુંજાર–ગું ગું
સ્હોય–સારાં દેખાય	કલોલ–આનંદના પોકાર	મોર–આંબાનાં ફુલ
વનસ્પતિ–ઝાડપાન	તીતર–એક જાતનું પક્ષી	ચાંદની–અજવાળી રાત્રી

કવિતાની સમજુતી. (૧)

અન્વય—વિશાળ વડપર છજેલ વેલ, જાણે તંબુ તાણેલ તે. (અને) કેળ, નાળિએરી ને તાડ, એ ઝાડ ધજા વાવટા રૂપ (છે)

અર્થ—મોટા વડના ઝાડપર પથરાએલી વેલ તે જાણે મોટો તંબુ ઉભો કર્યો હોય એવું દેખાય છે, અને કેળ, નાળિએરી અને તાડનાં ઝાડ એ ધજા અને નિશાન રૂપ હોય એમ દેખાય છે

(૨)

અન્વય—પીળાં પાકાં પાન હોય (તે) ખરી પૃથ્વી પડે (ને) વનસ્પતી શરીરે નવાં પલ્લવ ધરી સ્હોય

અર્થ—ઝાડનાં પીળાં ને પાકાં પાન હોય તે ખરીને જમીન ઉપર પડે અને તમામ ઝાડોની ડાળીઓને નવાં પાંદડાં આવે છે, તથી શોભે છે

૩)

અન્વય—કોયલ મીઠા બોલ બોલે, મેના પોપટ કલોલ કરે, તીતર, કબુતર (વીગેરે) વિશેષ પંખી રંગ ગાય ને બેશ નાચે

અર્થ—કોયલ મધુર શબ્દ બોલે, મેના પોપટ ખુશીના પોકાર કરે, તીતર, કબુતર અને બીજા ઘણાં પક્ષીઓ સુંદર રાગ ગાય ને સારો નાચ કરે

(૪)

અન્વય—લોક કેસુડો રંગ ઘોળીને હોળી ખેલે, બાગમાં ફુવારા ઉડે, (અને) ચૌટા (ને) ચોક છાંટે

અર્થ—લોક કેસુડાના ફુલને. રંગ પાણીમાં ઓગાળીને તેના વડે હોળીમાં રમે, બજાર અને ચોકનાં રંગ છાંટે છે અને બાગમાં ફુવારા ઉડે છે

(૫)

અન્વય--ભમરાઓ ગુંજાર કરતા, ઝાડ પર અપાર નવરંગ (અને) આંબા ઉપર મોર શોભે (અને) ચાંદની ચારેકોર ખીલી (રહી છે)

અર્થ—ભમરાઓ ગુંજાર કરતા. ઝાડપર અપાર જુદીજુદી જાતના ઘણા રંગ ખીલી રહ્યા છે, આંબા ઉપર તેને મોર શોભે છે, અને ઘણી મજા આપે એવી અજવાળી રાત્રી ચારે તરફ ખીલી રહી છે

(૬)

અન્વય—જન સ્વાદે શીખંડ ખાય (અને) શીતળ નીર પીએ (છે) પશ્ચિમ દક્ષિણ પવનથી શરીર સુખીઉં થાય (છે)

અર્થ—માણસો લહેજતથી શીખંડ ખાય અને લોકો ટાઢું પાણી પીએ છે, પશ્ચિમ અને દક્ષિણ દિશામાંથી પવન વાય છે તેથી શરીર સુખી બને છે

ગુજરાતી બીજી ચોપડીના અર્થ.

ભાગ ૨. જો.

પાઠ ૩૬ મો.

ટેકરા–ઉંચી જમીન
દિશા–બાજુ
પશ્ચિમ–આથમણી
ઉગમણી–પુર્વ
કસરતશાળા–કસરત કરવાની જગા
ઓળો–પડછાયો
ઉત્તર–પુર્વ તરફ મોં કરી ઉભા રહેતાં ડાબા હાથ તરફની બાજુ
પુર્વ–ઉગમણી
આથમણી–પશ્ચિમ
દક્ષિણ–પુર્વ તરફ મોંકરી ઉભા રહેતા જમણા હાથ તરફની દિશા
સામે–સામી બાજુએ
હાર–લાઇન ઓળ
પડછાયો–ઓળો
છેકજ–બીલકુલ, તદ્દન
હરકોઇ–કોઇ પણ
કઠણ–અઘરી
દીઠામાં–જોવામાં
પીઠ–વાંસો

પાઠ ૩૭ મો.

નકશો–ગામ કે દેશનો નમુનો
લંબાઇ–લાંબી બાજુ
માસ્તર–મહેતાજી
સ્લેટ–પથ્થર પાટી
પહોળાઇ–પોહોળું
ફુટપટી–ભરીને લંબાઇ માપવાનું ઓજાર
ગેલેરી–પાયરી, પગથી
બેસતા વરસ–નવા વરસ
સાથીઓ–ચુના કે ચોખાના લોટથી ચીતરેલા ચિત્ર, ચોક
માપ–ભરત
મથાળે–ઉપર
માય–સમાય
રસ્તો–ઉપાય, ઇલાજ
ઇંચ–ફુટનો બારમો ભાગ, પૈસા જેટલી લંબાઇના જગા તે ઇંચ લાંબી કહેવાય
ભુસી–બગાડી
મધ્યમાં–વચ્ચમાં
થોર–એક જાતના કાંટાવાળાં ઝાડવાં [ભીંતો
કરા–ઘરની બે બાજુની
ખાલી–ખુલ્લી
બેઠકો–બેસવાની જગા
ટેબલો–મેજ

પાઠ ૩૮ મો.

નિશાન–એંધાણી
ગોચર–ઢોરોને ચરવાની છુટી જગા
આગગાડી–વરાળથી ચાલનારી ગાડી
સ્ટેશન–આગગાડીને ઉભી રહેવાની જગા
આણી–લાવ્યો
ડગલાં–પગલાં
ચીતરવી–દોરવી [ઝરો
નદી–વહેતાં પાણીનો
મથક–ઠેકાણું

પાઠ ૩૯ મો.

પોપડા–પડ, બીડ

ભાઠું-નદીના તળીઆમાં કાંપ ઠરેલી જગા
આંબાવાડી-આંબાના ઝાડોવાળી જગા
ડાંગર-જેમાંથી ચોખા નીકળે તે
નિચાણ-ઢળતી જગા
ક્યારડા-ડાંગર પકવવાનાં ખેતર
વર્ગ-કલાસ
વગડામાં-જંગલમાં
ઘાસ-ચારો
વળ્યા-ફર્યા
પેલીમેર-બીજી બાજુ
વહેળો-નાની નદી
ઢાળ-ઢોળાવ
દેખા-દેખાતો આકાર
દહેરું-શીવનું મંદિર
ધજા-નિશાન
ટાઢો-ઠંડો, શીતળ
મઝા-ગમત
કાંઠા-કિનારા
ચાલાક-હોશિયાર
વહેણ-વહેતાપાણીની જગા
પાર-બાજુ
સુગમ-સહેલું
બસ-વધારે

પાઠ ૪૦ મો.

અધિકારીઓ-કારભારીઓ
હવાલદાર-ગામપર દેખરેખ રાખનાર
સરકારી-રાજાની માલકીનું
વારાવાળા-વારા પ્રમાણે કામ કરનાર
રાવણીઓ-ગામનો નોકર
હુંડી-બીજે ગામથી પૈસા મળવાનો કાગળ
બંદોબસ્ત-ગોઠવણ
મામલતદાર-વહીવટદાર
ટપાલી-કાસદ, કાગળ વહેંચનાર
દાકતર-અંગ્રેજી દવા આપનાર
મોસાળ-માનું પિઅર
ચોરામાં-ગામના અધિકારીને બેસવાની જગામાં
સુખી-પટેલ, ગામનો ઉપરી
હુકમ-ફરમાન
ભરણાના-વેરાના, ઉપતાના
તલાટી-ગામની વસુલાત ઉઘરાવનાર
તપાસે-જુએ
દવા-ઓસડ

ગુજરાતી બીજી ચોપડીના અર્થ.

ભાગ ૩ જો.

પાઠ ૪૧ મો.

સવાર-પ્રભાત
સોનેરી-સોનાના રંગનો
વનસ્પતિ-ઝાડપાલો
અંગારા-સળગતા કોલસા, લાળા
ઘોંઘાટ-ગરબડાટ
આકાશ-ગગન
પથરાઇ-ફેલાઇ

ક્રારો—ધારો, ધાર
ધગધગતા—ગરમાગરમ
ધંધે—કામે
વળગે—લાગે
ખેડુત—ખેતીકરનાર
હળ—નાંગર જમીન ખેડવાનું
દુકાન—હાટ
કલ્લોલ—આનંદ
ખીલતી—ફુલતી
લહેર—લહેક
જન—માણસ
નરમ પડે—ઓછો થાય
આખરે—છેવટે
ચોતરફ—ચારે બાજુ

પાઠ ૪૨ મો.

લક્ષ્મણ—છોકરાનું નામ
સ્ટેશન—આગગાડીને ઉભા રહેવાનું ઠેકાણું
તોફાન—ઘણાજોરથી પવન વાય તે
ટિકિટ—આગગાડીમાં બેસવાની પાસ
ભરવાડ—ઘેટા ચરાવનાર
ઝપાટો—સપાટો
અકળામણ—ગભરામણ
ફુંકાય—વાય
ફેર—તફાવત
ગુંગળાય—અકળાય
પ્રાણી—જીવ
ઉઠલી—ગબડી
બચત—ઉગરત
ઘસડી—તાણી
વાસ—ગંધ, સોરમ
છેક—તદન

પાઠ ૪૩ મો.

ચાક—ખડી, સફેતો
ખડીઆ—શાહી ભરવાનું વાસણ
ગાંગડો—કાંકરો. ખડો
હકીકત—વિગત, વાત
સેકાઉં—ભુંજાઉં, બળું
જંતુ—જીવડા
કહાણી—વાત
નિર્દય—દય વગરનો
ચાંચવા—જમીન ખોદવાનું હથીઆર
મૂલ—કિંમત
ઓછું—થોડું
સહેલાઈ—મહેનત વગર
ચુરો—ભુકો
કુઆવી—ખુરાડી
કણ—રજકરણ
પીગળતો—ઓગળતો
ઝાંખો—મેલો
કોલ—રેતી ને ચુનો ભેગા કરી ચક્કીમા પીસે તે
બારીક—ઝીણાં
વેહ—કાણાં
છિદ્રો—કાણાં
થર—પડ [વાનું ઓજાર
પાવડા—માટી ભરી લે-

પાઠ ૪૪ મો.

કંસારા—તાંબા પિત્તળના વાસણ બનાવનાર
કથરોટ—મોટી થાળી, તાસ
નાળચાં—ગળણી
પુષ્કળ—વધારે
ચંબુ—શિરોહી
તાંબાકુંડી—તાંબાનું પહોળામોનુ વાસણ
ટંકશાળ—નાણું બનાવવાની જગા
નોકર—ચાકર
અવાજ—સાદ, નાદ
હથોડા—લોઢાની મોગરી
ટીપે—કુટે
ભેળ—ભેગ
ગાળીને—રસકરીને
ઝાંખાં—ચળકાટ વગરના
માંજીએ—ઘસીએ [ધાતુ
કલાઈ—એક જાતની
જડે છે—મળે છે
સિક્કા—નાણું
સરકાર—રાજા

પાઠ ૪૫ મો.

ચળકાત—ઝગઝગાટ
અજાગરાં—અરડવાં, નરમાદાના ચાપડા.
શિરોઇ—ચંપુ
ઇનામ—બક્ષિસ
વર્ગ—કલાસ
દરેક—એક એક
છેલ્લે—પાછવાડે
મેળવણી—ભેગ
તપાવે—ગરમ કરે
પીગળી—ઓગળી
વપરાય—કામમાં આવે
ઝાંખો—મેલો
ચીજ—વસ્તુ
કટાય—કસાય
સસ્તું—સોંઘુ

પાઠ ૪૬ મો.

કુમળું—નરમ,કુણું
ખુજળી—ખરજ,ખસ
પાણીવાટ—પાણી જવાનો રસ્તો
સુપડાં—અનાજ ઝાટકવાનું ઓજાર
ઝીંઝવો—એકજાતનું ઘાસ
ધુપેલ—માથામાં નાંખવાનું તેલ
સુંવાળી—નરમ
અત્તર—સુગંધી તેલ
ચરાઉ—ચરનારાં
ઉપલાણે—ઉપરની બાજુ
તમાકુ—એક જાતનું ઘાસ બીડી, ને હુકામાં પીએ છે તે [ગા
ચરો—ઘાસ ઉગવાની જગા
છાવામાં—ઢાંકવામાં
તદન—બીલકુલ
દાભ—દરભ
પુળીઓ—જુડીઓ
ગંજી—ઢગલો
પાળેથી—કિનારેથી
ગડીઓ—ગાંઠો
સુગંધ—સારી વાસ
જડ—મૂળ [ફુમતાં
ચમરી—છોડની ઉપરના
પડા—જુદા
કુટીને—ચરીને [દોરી
મુંજ—સરકટના પાંદડાની

પાઠ ૪૭ મો.

સળંગ—આખુ ને આખુ
સેંકડો—ઘણા સો
રાતડીઓ—રાતી જુવાર
મહીકાંઠા—મહી નદીની આસપાસનો દેશ
ગુચ્છો—જથો
ઢેબરાં—મીઠું મરચું નાંખી કરેલા રોટલા
મેળે—જાતે
વાવવાં—રોપવાં
પરાળ—ડાંગરનું ઘાસ
બાઝેલા—વળગેલી
પેર—કાતળી
પેઠે—રીતે
ભીલ—પહાડમાં રહેનાર
નાગલી—બાવટો
સામો—એક જાતનાં ઘાસનું બી
થેક—ચીઢા કે ડુંગળાના મૂળની ગાંઠો
બીડ—ઘાસની જમીન
છડીને—ખાંડીને, છોતરાં કાઢીને
ખસલી—સુકું ઘાસ
કડબ—જુવારનું ઘાસ

પાઠ ૪૮ મો.

સખત—ઘણી અઘરી, કઠણ.
હળપુણી—જમીન ખેડવાના ઓજારમાં લોઢાની કોશ આવે છે તે
લઠ્ઠ—જોરાવર
એક સામટું સાથે બાંધ્યું
ધુસરી—બળદની ખાંધ ઉપર રહેનારૂં લાકડું, જુસરી
સંતોષ—શાંતિ

કૈવતવાળું—જોરવાળું,
તાકદવાળું
ભાણુ—સૂરજ
વસ્ત્રો—લુગડાં
ઉત્તમ—સારાં
મજુરી—મહેનત
ખાધું—ખાવાનું [ગા
કોઢ—ઢોર બાંધવાની જ-
નીરૂં—નાંખું
મજબુત—કઠણ

થાકી જવું—નરમ થવું
સુથાર—લાકડાં ઘડનાર
ભારે—વજનદાર
ચવડું—હળના નીચેના
ભાગમાં કોશની સાથે
અણીવાળું લાકડું
હોય છે તે
સડ—ધુસરી અને હળની
વચ્ચેનું લાંબુ લાકડું
છડો-હળનેછેડેપકડવાનું

ખીલીજેવું હોયછે તે
તાત—બાપ [ત્પન્ન કરે
નીપજાવે—ઉપજાવે, ઉ-
જીવ—પ્રાણિમાત્ર
ધરે—પહેરે
ભાવે—ખુશીથી
સહે—વેઠે
ઉપકારી—ગુણકરનારી
ખંતથી—હોંશથી
શીખ—શીખામણ

કવિતાની સમજુતી.

(૧)

અન્વય—રે! ખેડુત તું ખરે જગતનો તાત ગણાયો (છે અને) તુંજ આ સઘળો સસાર પાળતો જણાયો છે

અર્થ—અરે ખેતી કરનાર તું ખરેખર જગતનો બાપ ગણાયોછે અને આ બધા જગતનું ભરણ પોષણ કરનાર તુંજ જણાય છે

(૨)

અન્વય—તું કપાસ, ફળ, ફુલ, ઘાસ (અને) ધાન્યને નીપજાવે (છે તોજ) સહુ જીવ અન્ન ખાય (અને) જન ભાવે વસ્ત્રો ધરે

અર્થ—કપાસ, ફળ, ફુલ ઘાસ ને અનાજ તુંજ ઉત્પન્ન કરે છે, બધાં પ્રાણીઓ અનાજ ખાય છે ને માણસો ખુશીથી કપડાં પહેરે છે

(૩)

અન્વય—(તું) તાપ, વરસાદ સહે (અને) વળી બહુ મહેનત કરતો (હોવાથી) શરીરે લઠ્ઠ રહે અને સદા સંતોષે ફરતો ફરે છે

અર્થ (તું) વરસાદ, ટાઢને તડકો વેઠે છે ને વળી બહુ મેહેનત કરે છે તેથી શરીરે ઘણો બળવાળો રહેછે અને હંમેશાં શાંતીપથી રહેછે

(૪)

અન્વય—ખરે ઉત્તમ ખેતી વળી તે પર ઉપકારી (છે તે કરીને) તું ખરી ખંતથી જગતને સારી શીખ દીએ (છે)

અર્થ—તું વળી જેથી પારકાના ઉપર ઉપકાર થાય એવી સારી જે ખેતી તે કરીને ખરેખર તું હોંશથી બધી દુનિયાને સારી શીખામણ આપે છે કે તમે બીજાના ઉપર ઉપકાર કરનાર થાઓ

પાઠ ૪૯ મો.

ડાંગર—ભાત
ટાંકણે—વખતે, ટાણે
ક્યારડા—ડાંગર પાકવાનું ખેતર
રોપી—વાવી
ફરતી—ચારે તરફ
લીલા છમ-ઘણાજ લીલા
ઝપાટે—સપાટે
ઝીલવો—વહેવો, ખમવો
સદા—હંમેશાં
ખળી—ઘાસથી અનાજ છુટું પાડવાની જગા
છુટા—જુદા
મરડી—કચડી

પાઠ ૫૦ મો.

ખાતર—ઘાસ છાણ વગેરે કોહેલો કચરો
પીત—વાવેતર
કુકર—ઝુંડ
પડછા—પાંદડાં, તોગા
તરકારી—શાક
પાકટ—પાકી
વેંત—બાર આંગળ
તાવડા—કઢાઈ [સંચો
કોલુ—શેરડી પીલવાનો
સંબંધી—બાબત
હકીકત—વાત
પુષ્કળ—વધારે
પેરવાળી—કાતળીવાળી
અટકાવવાને—ખાળવાને
પીલે—કચરે
વારંવાર—વારે ઘડીએ
છારી—પડ
ઘટ—ઘાડો, જાડો

પાઠ ૫૧ મો.

ઉજળો—સફેદ
હિસાબ—લેખે
સફેદી—ધોળાશ
નકામાં—ફોકટ
પૈસાદાર—શેઠ
રસોઇ—જમવાનું
તપેલી—પાતેલી
ચઢતા—રંધાતા
તકરાર—કજીઓ
ધીમા—શાંત
પચવું—હજમ થવું
ભાવથી—હોંશથી [લોટ
કણક—ઘઉંનો બાંધેલો
આકાર—ઘાટ
સરખાં—બરોબર

પાઠ ૫૨ મો.

મધમાખ—મધ બનાવનાર માખ [ગુસ
વાગરી—પારધી, પાપીઆ
ઘરબાર—રહેવાનું ઠેકાણું

રક્ષણ–સંભાળ [એવું	બગાડયું–ખરાબ કર્યું	રચે–બનાવે
મનહર –ખુશી થઈએ	ઇચ્છા–મરજી	સરે–થાય
તત્કાળ–તરત	જન્મ–અવતાર	અપાર–ઘણાં
લટકતો–ટીંગાતો	ડંખ–આંકડો	દીસે–દેખાય
કામળો–ધાબળો	જંતુ–જીવડાં	તજે–છોડી દે
ધુણી–ધુમાડો	હુન્નર–કારીગીરી	તમામ–બધાં

કવિતાની સમજુતી

૧

અન્વય—(હે) મધમાખી તું મહેનતું (તારે ત્યાં) હુન્નર તણી નિશાળ (છે) મનહર મધપુડો રચે (અને) તત્કાળ રસ મૂકે

અર્થ—હે મધ બનાવનારી માખી તું મહેનતું છે તારે ત્યાં કારીગરીની નિશાળ છે, તું મનને આનંદ પમાડે તેવો મધપુડો બનાવે છે અને તેમાં તરત રસ મુકે છે

૨

અન્વય—મીઠું મધ ચુસી લઈ મીણ તૈયાર કરે તેથી ઘણાં કામ સરે (અને) તે અપાર ગુણ કરે છે

અર્થ—મીઠું મધ ચુસી લઇને મીણ બનાવે છે, તેથી ઘણા કામ થાય છે અને તે ઘણો ગુણ કરે છે

૩

અન્વય—(તું) નાનું સરખું જીવડું (છતાં) મોટું કામ કરતું (જણાય છે, અને) ડાહીને ચોકખી દીસે (છે તેથી) તમામ આળસ તજે

અર્થ—તું નાનું સરખું જીવડું છે પણ મોટું કામ કરે છે વળી ડાહી ને ચોખ્ખી દેખાય છે તેનો દાખલો લઇને બધા સમજુ માણસો આળસ છોડી દે છે

૪

અન્વય—કીડી કરોળીઓ અને મકોડા (વગેરે) જે ઉધોગી જીવડાં કહેવાય (છે) તેનાં તુ પંકાય (છે)

અર્થ—કીડી—કરોળીઓ ને મકોડા વગેરે જે મહેનતુ જીવડાં કહેવાય છે તેમાં તું વખણાય છે

પાઠ ૫૩ મો.

ચીકલ—ચોકાય
માંજર—મરઘાના માથા ઉપરની ઝુલ
કુકરેકુક—મરઘાનો અવાજ
કુકડો—મરઘો [ઢગલે
ઉકરડા છાણ મુતરનો
શેખ-મુસલમાનની જાત
ભંજાતું—પીલળતું
જીવડાં—જંતુઓ
સાફ—ચોકખા
ખડખડે—અવાજ થાય
બીકણ—ડરકર, નરમ
છેડવા—હરકત કરવા, અડકવા
ધસીને—જોરથી
દીપે—શોભે
ખોતરવાની—ખણવાની
ટેવ—આદત

પાઠ ૫૪ મો.

ચકલી—ચલી
વતુ—ચાંજ
ઠાબરી અટપટા રંગની
રઝળી—રખડા
તલખણાં-તરણાં
તડકે—તાપે
વા—રખત
મજબુત—જોરથી
લગી—સુધી
નુકશાન—બગાડ
ભો—બીક
લાગફાવે—દાવ આવે
ઓછો—થોડો

પાઠ ૫૫ મો.

કેશવાળી—ગરદન પરના વાળ
પ્રીતિ—હેત [તળીઉં
દાબડા—ઘોડાના પગનું
પાણીદાર-તેજદાર
ટટ્ટી—ઘોડાને કુદવતી વખતે આડો પડદો રાખે છે તે [વાળા
અણીદાર—ઝીણી ધાર-
નીમકહલાલ ખાધેલું હક કરનાર, પ્રમાણિક
સ્વારી—ઘોડા ઉપર બેસવું તે [છે તે
દેખાય—જોવામાં આવે
ગરદન—ડોક
જાંઘ—સાથળ
નફ્ફર—પોલો નહિ તે
ઝપાટાબંધ—જોસભેર
તીણા—અણીદાર
ભુસું—અનાજનાં છોતરાં
ઝડપથી—ઉતાવળથી
મજલ—છેડું, પલ્લો

ચમકે-ભડકે
શરન-હેડ
જીન-ઘોડાનો સામાન
અડાઆ-ચકરી
લગભગ-આશરે

પાઠ ૫૬ મો.

નાળબંધ-ઘોડાની નાળ જડનાર
અડીઅલ-અટકી જનારૂં
ટટુ-નાનું ઘોડું
કહ્યાગરૂં-કહેલું કરનાર
ખચ્ચર-આગળનો ભાગ ગધેડાનો ને પુછડેથી ઘોડા જેવો
હાજર-સમક્ષ, પાસે
ફેર-તફાવત, ફરક
જુમખો-લુમખો
ભાર-બોજો
વહ્યાં-ખેંચ્યાં
ઠોઠ-મુરખ
બને-થાય
હીંમતવાળું-હીંમતવાન
ચાલાક-હોશીઆર
તબેલો-ઘોડા બાંધવાની જગા

પાઠ ૫૭ મો.

ગોકળગાય-એક જાતનું લાલ જીવડું
તાળવું-તાલું, ખોપરી
ઢીંચણ-ઘુંટણ, ગોઠણ
હડપચી-દાઢી
તફાવત-ફરક
પોપચાં-આંખનું ઢાંકણ
નજર-સરત
ભવાં-ભમર
રજ-ધુળ, કસ્તર
ખાળે-અટકાવે
વનાં-ખબત
ઓચી-ગરદન
પર-બાજુ
ગાજે-ભાગે
કેડ-[illegible]
વાંસો-બરડો

પાઠ ૫૮ મો.

ઇંદ્રીયો-શરીરના ભાગ, (આંખ, નાક, જીભ, કાન, ચામડી)
સ્વાદ-લહેજત
ધબાકો-અવાજ
સુંઘી-સોરમ લઇ
આકાર-ઘાટ
વાસ-સોરબ, સુગંધ
ખબર પડે-માલમ પડે
વડે-થી
મઝાની-ઘણી મીઠી
ફીકર-ચિંતા
જ્ઞાન-સમજણ

પાઠ ૫૯ મો.

રંગરેજ-કપડાં રંગનાર
સાલા-ચાળુ, સાડી
છુટ્ટી-રજા
કીરમજ-એક જાતનો રંગ
ઘેરા-ભેલા
ઝૂલતા-બહા પડતા
ઝાંખા-આછા
સેલાં-દોપટા
ગમેતેવો-મરજીમાં આવે તેવો

પાઠ ૬૦ મો.

બનાત-એક જાતનું ગરમ કપડું

બાસ્તો—ટકાઉ સુતરાઉ કપડું
ઢાંકણુ—ઢાંકણું
ફલાનલ—ગરમ કપડું
જામદાની—ઝીણામાં ઝીણું કપડું
રૂવાંટી—ઝીણા વાળ
દોશી વાણીયા—કાપડના વેપારી
ભીંગડાં—પડ
ધરુજે—થરથરે
વાતી—લાગતી
સિવાય—વગર
તાપ—તડકો
ખાદી—ગજ પનાનું દેશી જાડું કપડું
ગરજ—જરૂર
સારે છે—પુરો પાડે છે

જાહેરખબર.

બીજા ધોરણોની નોટ તથા અર્થ હવે પછી તૈયાર થશે તેમજ હમારા તરફથી મુખવર્ણન સામાન્ય ભુગોળ ડિક્ટેશનપ્રકાર વિગેરે બહાર પાડવાની ગોઠવણ કરવામાં આવી છે. એ શીવાય હમારે ત્યાંથી શાળાપયોગી બુકસો નોવેલો, ગાયનો, ગઝલો વિગેરે વિગેરે મળશે.

બહાર ગામના આડરપર પુરતુ ધ્યાન આપવામાં આવશે.

મળવાનું ઠેકાણું.

નાર ઓપ્રીસશામે સુરત.